# ગુજરાતે દસ જ વર્ષમાં કૃષિક્રાંતિની કમાલ કરી : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે કેન્દ્રના વર્તમાન શાસકો ઉપર હિન્દુસ્તાનના કૃષિપ્રધાન અર્થતંત્ર અંગે ગૂનાહિત બેદરકારી રાખવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.





બનાસકાંઠાના દિયોદરમાં કૃષિમહોત્સવનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે આ જ શાસકોની ગૂનાહિત બેદરકારીના કારણે હિન્દુસ્તાનના ગામડાં, ખેતી અને ખેડૂતો બરબાદ થઈ ગયા છે. સદ્‌ગત વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રી, સરદાર પટેલ અને મહાત્મા ગાંધીએ ગામડાં અને ખેતીને આબાદ કરવા માટે સેવેલા સપનાને આ શાસકોએ સત્તાસુખ ભોગવવામાં રોળી નાંખ્યા છે.

ગુજરાતમાં ૬ ટ્ઠી મે-૨૦૧૨થી શરૂ થયેલા આઠમા કૃષિમહોત્સવ અને પશુ આરોગ્ય મેળા અભિયાન અન્વયે આજે દિયોદરમાં ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓમાંથી વિશાળ સંખ્યામાં કિસાનશકિત અને પશુપાલક પરિવારો ઉમટયા હતા જેમાં ગ્રામ મહિલાઓ પણ ભારે ઉમંગ ઉત્સાહથી ઉપસ્થિત રહી હતી. બનાસકાંઠાના આ રેતાળ ગરમ પ્રદેશમાં ધોમધખતા તાપમાં કિસાનોના પરિશ્રમને બિરદાવતાં મુખ્યમંત્રીશ્રીએ પશુઆરોગ્ય મેળા અને કૃષિમેળાનું ઉદ્‌ઘાટન કરીને પ્રગતિશીલ ખેડૂતો એવા કૃષિના ઋષિઓનું જાહેર સન્માન કર્યું હતું જેમાં મહિલા પ્રગતિશીલ ખેડૂત અને પશુપાલન પરિવારોને પણ સન્માનિત કર્યા હતા.

મુખ્યમંત્રશ્રીએ ૩૦ દિવસના કૃષિમહોત્સવો આઠ વર્ષથી લગાતાર ખેડૂતો માટે વૈજ્ઞાનિક ખેતી અને પશુપાલન માટે સફળ થયા છે, તેની ભૂમિકા આપતા આ વિશાળ ખેડૂત મેદનીને આ સરકાર ઉપર ભરોસો મૂકવા માટે અભિનંદન આપ્યા હતા.

આ સરકારની એક દશકાની વિકાસયાત્રાથી આ મરૂભૂમિ અને સુકા પ્રદેશ એવા ઉત્તર ગુજરાતમાં નવી આશા બંધાઈ છે. કૃષિ ક્ષેત્રે ઉત્તર ગુજરાતે જે કૃષિક્રાંતિ કરી છે તેની દેશ અને દુનિયાએ નોંધ લેવી પડી છે. થરાદ એક યુગમાં દરિયો હતો અને હજારો વર્ષની આ ખારીપટ જમીનને એક દશકામાં ખેડૂતનો પરસેવો અને નર્મદાના પાણીએ ધરતીને મીઠી મધ બનાવી દીધી છે. નર્મદાનું પાણી એકલા બનાસકાંઠાની પોણા બે લાખ હેકટર ભૂમિમાં મળવાનું છે.



એક દશક પહેલા ઉત્તર ગુજરાતનો ખેડૂત ચામડી ચીરાઈ જાય એવી ગરમીમાં પસીનો પાડતો રહ્યો છતાં, ખેતીમાં બરકત નહોતી, એવા કારમા દિવસોની સ્થિતિનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આવા નિરાશાના વાતાવરણમાં કૃષિક્રાંતિનું પરિવર્તન આ સરકારના ખેતરે ખેતરે કૃષિમહોત્સવના અભિયાનની સફળતાથી આવ્યુ છે. ખેડૂતોએ કૃષિમહોત્સવમાં વિશ્વાસ મૂકી કૃષિક્રાંતિની કમાલ કરી બતાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે દિલ્હીના શાસકોએ હિન્દુસ્તાનના ગામડા, કિસાન અને ખેતી પ્રત્યે ગૂનાહિત બેદરકારી દાખવી છે. હિન્દુસ્તાન ગામડાનો દેશ છે, કૃષિપ્રધાન અર્થતંત્ર છે, પણ એક માત્ર પૂર્વ વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રીએ જય જવાન જયકિસાનનો લલકાર કરેલો અને હિન્દુસ્તાનના આ જ ખેડૂતે ઘઉંના ભંડારો ભરી દીધેલા. પણ ત્યારપછી બધી જ સરકારોએ ખેડૂતની, ખેતીની ઘોર ઉપેક્ષા કરી હતી. જો સરદાર સાહેબ દેશના વડાપ્રધાન હોત તો ખેતીમાં હિન્દુસ્તાન વિશ્વમાં ગૌરવ મેળવતું હોત, પણ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને લાલબહાદૂર શાસ્ત્રીના કૃષિઅર્થતંત્રના સપના દેશના કોંગ્રેસી શાસકો પૂરાં કરવામાં ગૂનાહિત બેદરકાર રહ્યા છે

## મહારાજા રણજિતસિંહ ગાયકવાડના દુઃખદ નિધન પર રાજ્યપાલશ્રી-મુખ્યમંત્રીની શોકાંજલિ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ મહારાજા રણજિતસિંહ ગાયકવાડના નિધન પર ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે.

તેમના શોક સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું છે કે બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા મહારાજા રણજિતસિંહ ગાયકવાડ જન સાધારણના કષ્ટ નિવારણ માટે હંમેશા ચિંતાશીલ રહેતા હતા. સંસદ સભ્ય તરીકે તેમણે અથક કર્મયોગથી લોક શ્રેયના કાર્યો કર્યા છે. તેઓ કલા-સંગીતના પરમ ઉપાસક હતા અને શિક્ષણ ક્ષેત્રે ઊંડી રૂચિ ધરાવતા હતા. એમ.એસ. યુનિવર્સિટીમાં ફાઈન આર્ટસના પ્રાધ્યાપક તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. સાદગી અને શાલીનતાથી જીવન વ્યતીત કરનાર મહારાજા રણજિતસિંહ હવે આપણી વચ્ચે રહ્યા નથી પણ તેમના કાર્યો હંમેશા આપણી વચ્ચે જીવંત રહેશે.

ઈશ્વર દિવંગત આત્માને ચિરશાંતિ પ્રદાન કરે અને તેમના પરિવારજનોને આ અસહનીય દુઃખ સહન કરવાની શક્તિ આપે, એવી તેમણે પ્રાર્થના કરી છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડોદરાના પૂર્વ રાજવીશ્રી સ્વર્ગસ્થ રણજિતસિંહ ગાયકવાડના અવસાન અંગે ડા આઘાત અને દુઃખની લાગણી વ્યકત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ શોકસંદેશામાં સ્વ. રણજિતસિંહ ગાયકવાડની કલા-સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ પ્રત્યેની સાધના અને આ ક્ષેત્રમાં તેમણે આપેલા યોગદાનની પ્રસંશા કરતા જણાવ્યું કે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મજયંતિનું આ વર્ષ છે તે વર્ષમાં જ સ્વ. રણજિતસિંહજીના અવસાનથી પૂર્વ ગાયકવાડી રાજ્યની પ્રજા તેમને ભાવભરી શ્રધ્ધાંજલિ આપે છે.

સ્વ. રણજિતસિંહ ગાયકવાડ આજીવન સાદગી અને સંસ્કારભરી જીવનવૃત્તિને કારણે બહોળો શુભેચ્છક અને ચાહકવર્ગ ધરાવતા હતા તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલિ પાઠવતા શોકસંદેશામાં જણાવ્યું છે.

## પ્રતિભાશાળી દિગ્દર્શકોને નાટક નિર્માણ માટે આર્થિક સહાય

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા યુવા પ્રતિભાશાળી દિગ્દર્શકોને નાટક નિર્માણ માટે આર્થિક સહાયની યોજના વર્ષ ૨૦૧૨-૧૩માં સહાય આપવાની થાય છે. આથી પાત્રતા ધરાવતા યુવા દિગ્દર્શકો પાસેથી નિયત નમુનાના અરજીપત્રમાં અરજી મંગાવવામાં આવે છે.

આ યોજના હેઠળ સહાય મેળવવા માટે નાટક દિગ્દર્શકો કે જેમની ઉંમર તા. ૧-૪-૨૦૧૨ના રોજ ૨૫ વર્ષથી વધુ અને ૪૫ વર્ષથી ઓછી હોય તથા જેમણે ઓછામાં ઓછું એક ફૂલલેન્થ નાટકનું દિગ્દર્શન કર્યું હોય અથવા નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના સ્નાતક હોય અથવા જેમણે અકાદમી દ્વારા આયોજીત કે અન્ય પ્રતિષ્ઠિત નાટય સ્પર્ધામાં શ્રેષ્ઠ દિગ્દર્શકનું પારીતોષિક મેળવેલ હોય તેવા દિગ્દર્શકો સહાય મેળવવા માટે પાત્ર ઠરશે.

સહાય પેટે પ્રત્યેક દિગ્દર્શકને રૂા. ૧.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવશે. દિગ્દર્શકે તેમના મંજૂર થયેલ નાટકના જુદા જુદા પાંચ સ્થળે શો કરવાના રહેશે. પસંદગી માટે અકાદમી નિયુક્ત નાટય તજજ્ઞો સાથે દિગ્દર્શકોએ વ્યક્તિગત વાર્તાલાપ માટે સ્વ ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. નિયત નમુનાનું ફોર્મ અકાદમીની કચેરીએથી મેળવી, યોગ્ય રીતે ભરી, સાધનિક કાગળો સહ તા. ૧૦-૬-૨૦૧૨ સુધીમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને પોંચાડવાનું રહેશે. નિયત અરજીપત્રક અકાદમીની વેબસાઈટ **www.sycd.in/yscac/san-forms** પરથી પણ મળી શકશે. વધુ વિગત માટે અકાદમીનો સંપર્ક કરવા (૦૭૯-૨૩૨૫૧૬૯૩, ૨૩૨૫૪૫૫૨)સચિવ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર નિવૃત્ત રમતવીરોને પેન્શન અપાશે

ગાંધીનગર, તા. ૧૦

રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો હોય અને જેઓ આર્થિક રીતે નિઃસહાય હોય તેવા નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવા યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે. માસિક આવક રૂા. ૨૫૦૦, ઉંમર ૫૦ વર્ષ કરતા વધુ અને ગુજરાતના વતની હોય, રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી હોય અથવા રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હોય તેવા નિવૃત્ત રમતવીરોને રૂા. ૧૫૦૦/- લેખે આજીવન પેન્શન આપવાની યોજના અમલમાં છે.

અરજદારોએ કમિશનર, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, બ્લોક નં. ૧૧/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીથી ફોર્મ મેળવીને ડોમેસાઈલ પ્રમાણપત્ર, ઉંમરના પ્રમાણપત્ર માટે શાળા છોડ્યાનું સર્ટીફિકેટ, વર્ષ ૨૦૧૧-૧૨નો મામલતદારનો આવકનો દાખલો, મેળવેલ સિદ્ધિઓના પ્રમાણપત્રો સહિતની નકલો સાથેની અરજી તા. ૩૧મી જુલાઈ, ૨૦૧૨ સુધીમાં મોકલી આપવા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી એમ. એમ. કોટવાલની યાદીમાં જણાવાયું છે.

## વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩માં પણ સિંગાપોર સરકાર અને કંપનીઓ સહભાગી બનશે

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મૂલાકાતે આજે સિંગાપોર સરકારના વિદેશી બાબતો અને કાયદામંત્રી શ્રી કે. શનમુગમ આગેવાનીમાં ૧૧ સભ્યોનું બિઝનેશ ડેલિગેશન આવ્યું હતું અને ગુજરાતમાં સિંગાપોરની સરકાર તેમજ સિંગાપોરની કંપનીઓની ભાગીદારીનું ફલક વધુ વિસ્તૃત બનાવવા માટે ફળદાયી પરામર્શ કર્યો હતો.



શ્રી સન્મુગમ અને તેમના સિંગાપોર ડેલિગેશનના સભ્યોએ ગુજરાતની પ્રગતિ અને ગુજરાતના વિકાસ વિઝનથી અત્યંત પ્રભાવિત થયા હોવાનું જણાવી સિંગાપોર અને ગુજરાત વચ્ચે સહભાગીતાના નવાં ક્ષેત્રો વિકસાવવા તત્પરતા બતાવી હતી.

ગુજરાત સરકારના **GIFT**, ધોલેરા **SIR** સહિતના ઈન્વેસ્ટર્સ રિજીયન બાબતમાં તેમણે ખૂબ જ રસ દાખવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં લો-કોસ્ટ હાઉસીંગ, વોટર મેનેજમેન્ટ અને હ્યુમન રિર્સોસીઝ ડેવલપમેન્ટ માટે સિંગાપોર સરકાર અને સિંગાપોરની કંપનીઓની ગુજરાતમાં ભાગીદારીની તકોની રૂપરેખા આપી હતી. તેમણે સિંગાપોર સરકાર અને કંપનીઓને આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું જેનો સિંગાપોરના મંત્રીએ સહર્ષ સ્વીકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે સિંગાપોર સરકારે અગાઉ પણ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ડેલિગેશન મોકલીને ભાગીદારી કરેલી છે, અને આગામી ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં પણ વધુ વિસ્તૃત ફલક ઉપર સિંગાપોર સરકાર અને કંપનીઓ સહભાગી બનવા ઈચ્છે છે. આ સંદર્ભમાં વધુ જાણકારી મેળવવા તેમણે ગુજરાત તરફથી ડેલિગેશન સિંગાપોર મોકલવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. આ બેઠકમાં ઉદ્યોગના અગ્રસચિવશ્રી મહેશ્વર શાહુ અને મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી એ. કે. શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## તુરી બારોટ કલાકારોને જૂનાં નાટકો કરવા આર્થિક સહાય આપશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા તુરી બારોટ કલાકારોની સંસ્થા/મંડળીને જૂના નાટકો કરવા માટે આર્થિક સહાય આપવાની નવી યોજના ચાલુ વર્ષથી અમલમાં મૂકી છે.

આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં રહેતા તુરી બારોટ કલાકારોની ઓછામાં આછી પાંચ વર્ષથી કાર્યરત સંસ્થા/મંડળીને જૂના નાટકો કરવા માટે રૂા. ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય તથા વધુમાં વધુ દસ શો માટે શો દીઠ રૂા. ૧૫,૦૦૦/- મળી કુલ રૂા. ૨,૦૦,૦૦૦/--ની સહાય આપવામાં આવશે. નાટકમાં કામ કરતા કલાકારો તુરી-બારોટ સમાજના હોવા જરૂરી છે. તેમજ નાટક અથવા જૂના વેશ-પરંપરાગત હોવા આવશ્યક છે. આ યોજનામાં રસ ધરાવતી સંસ્થા/મંડળીઓ પાસેથી આથી અરજીઓ મંગાવવામાં આવે છે.

આ અંગેના અરજીફોર્મ તા. ૧૦-૬-૨૦૧૨ સુધીમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૫૧૬૯૩ ખાતેથી મેળવી તા. ૨૦-૬-૧૨ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે એમ સચિવ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## શબ્દાવલી - ૪૭૨૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ૯ | |
| | ■ | ૧૦ | | | | | ■ |
| ■ | ૧૧ | | | ■ | ■ | | ■ |
| ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | ■ | ૧૪ |
| ૧૫ | | | | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | | |
| | ■ | ■ | ૨૦ | | | ■ | |

**આડી ચાવી**

૧. મિલન, ભેગુ મળવું તે (૪)
૬. ત્રાજવું (૨)
૭. ફરજમાં ચુક થવી તે (૫)
૧૦. દેવાદાર (૫)
૧૧. ધિક્કાર (૩)
૧૨. કાંટા તારની આડસ (૨)
૧૫. છુટાછેડા (૪)
૧૬. ધ્વજ (૩)
૧૮. 'તરસ' સાચવવા આપે વસ્તુ (૪)
૨૦. સાજન...., હદ અંકુશ (૩)

**ઊભી ચાવી**

૧. સંતોષ (૩)
૨. મેળાને હિન્દી.... કહેવાય (૨)
૩. ધૃણા, તિરસ્કાર (૪)
૪. પ્રાર્થના, ઈબાદત (૩)
૫. રાખ, ધૂળ (૨)
૮. રજોટી (૨)
૯. ચૂર્ણ, કાફી (૩)
૧૦. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૪)
૧૩. માનનું વિરોધી (૪)
૧૪. એક-એક દિવસનાં અંતરે (૪)
૧૫. ગતકડું, હસવા જેવું (૩)
૧૭. શૂરાતન, જોશ (૨)
૧૯. બકરો, કામદેવ (૨)

### શબ્દાવલી ૪૭૨૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) લાવલશ્કર (૪) જીભ (૬) મરજીવા (૮) ચરોતર (૧૧) તવિ (૧૨) મન (૧૪) ધનિક (૧૬) ખપ (૧૯) નાસીપાસ (૨૧) વખત (૧૯) સીનસીનરી (૨૫) નળીયા (૨૬) ફળ

**ઊભી ચાવી :-** (૧) લાલચ (૨) લબત (૩) રમ (૪) જીજીવિષા (૧૦) રમ (૧૩) નખ (૧૪) ધનાધન (૧૫) કપાસીયા (૧૭) પવન (૧૮) જાત (૨૦) સન (૨૨) ખરીફ (૨૪) સીતા




અમદાવાદના લો ગાર્ડન પાસે લાપતા થયેલા બાળકોના વાલીઓએ દેખાવ કર્યા હતા.

## આતંકવાદીઓ મહારાષ્ટ્રમાં ઘૂસ્યા : પુણે પર બાજ નજર

અમદાવાદ,તા.૧૦

છેલ્લા બે ત્રણ દિવસથી ભારતના મહારાષ્ટ્રમા આતંકવાદીઓ ઘુસી ગયા હોવાના અહેવાલથી તકેદારી વધારી દેવામાં આવી છે. મળેલી મહિતી મુજબ પાંચ થી છ જેટલા ત્રાસવાદીઓ મહારાષ્ટ્રમાં ઘુસ્યા છે અને મુંબઈ તથા પુણે તેમના હિટ લિસ્ટમાં છે. આ ઉપરાંત અમદાવાદ અને જામનગર શહેર પણ તેમના હિટલિસ્ટમાં છે. આ તમામ માહિતી આવ્યા બાદ બંને રાજ્યોમાં હાઈ એલર્ટની સાથે સાથે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. અમદાવાદ અને જામનગર શહેરમાં લશ્કર-એ-તોયબાના નિશાન પર હોવાની દેશની ટોચની ઈન્ટલીજન્સ રો દ્વારા ગુજરાતમાં આંતકવાદી ધુસ્યા હોવાની બાતમી આપવામાં આવી હતી. જેના પગલે સમગ્ર રાજ્યમાં એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે અને સતત પોલીસ દ્વારા જાહેર સ્થળો પર વોચ ગોઠવવામાં આવી હતી. ત્યારે આતંકવાદીઓ મહારાષ્ટ્રમાં પહોંચી ગયા હોવાની વિગત પ્રકાશમાં આવી છે. જેના પગલે સમગ્ર મહારાષ્ટ્રમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવાયું છે. આતંકવાકીઓ ગુજરાતમાં થઈને મહારાષ્ટ્ર પહોંચી ગયા છે અને તેમના નિશાના પર પૂણે શહેર હોવાનું એલર્ટ સેન્ટ્રલ આઈબી દ્વારા આપવામાં આવી છે. જેના પગલે પૂણેમાં પણ હાઈ એલર્ટ જાહેર કરી સમગ્ર શહેરમાં આખી રાત્રી દરમિયાન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતુ. આ ઉપરાંત મહારાષ્ટ્રના વિવિધ મહાનગરમાં આખી રાત પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.ફરીથી મહારાષ્ટ્રના દરિયાઈ વિસ્તારમાં આંતકવાદીઓ સક્રીય થઈ હુમલો કરી શકે છે તેવા ઈનપુટ્સ સેન્ટ્રલ આઈબીએ સ્ટેટ આઈબીને આપ્યા હતા. જેના પગલે આ મામલે ઈન્ડિયન નેવીને જાણ કરવામાં આવી હતી. આ ઉપરાંત હવાઈ સેનાને પણ તૈનાત રહેવાનો આદેશ કરવામાં આવ્યો છે. આવા ઈનપુટ્સ બાદ જ ભારતીય સેના એલર્ટમાં આવી ગઈ છે અને ગઈ કાલથી જ દરિયામાં ભારતની સરહદ સુધી સતત પ્રેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે

### મોતેસરી ગામમાં ૧૨મીએ પાટોત્સવ યોજાશે

તલોદ, તા. ૧૦

તલોદ તાલુકાના મોતેસરી ગામ સ્થિત ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ નો પાટોત્સવ તથા શ્રી મહાકાળી માતાજીની પ્રતિમાનો ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૨ થી ૧૪ મે ૨૦૧૨ સુધી યોજાશે. જેમાં ધર્મસભા, મહાઆરતી, સંત સાંનિધ્ય અને લોકડાયરા સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે તો આ પ્રસંગે ગામ સહિત આસપાસના વિસ્તારની ધર્મપ્રેમી જનતાને પધારવા આયોજકોએ ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## સીટના અહેવાલમાંથી ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજ ગાયબ

અમદાવાદ, તા.૧૦

સનસનાટીપૂર્ણ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ મામલામા મુખ્ય અરજીદાર જાકિયા જાફરી આજે એવો ચોંકાવનારો દાવો કર્યો હતો કે સીટના અહેવાલમાથી કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો ગાયબ છે. સીટનો અહેવાલ હાલમાં જ જાકિયા જાફરીને સોંપવામા આવ્યો હતો. વર્ષ ૨૦૦૨ના ગોધરાકાંડ બાદના રમખાણ કેસના સંબંધમાં જાકિયા જાફરીને સીટનો અહેવાલ સોંપવામા આવ્યા બાદ જાકિયાએ આ મુજબની ચોંકાવનારી રજૂઆત કરી છે.

ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડમા માર્યા ગયેલા કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અહેસાન જાફરીના વિધવા જાકિયા જાફરીએ સીટી કોર્ટમા એક અરજી દાખલ કરી છે અને માંગ કરી છે કે તેઓને સીટનો સંપૂર્ણ અહેવાલ સુપરત કરવામા આવે. જાકિયાએ કોર્ટમા કહ્યુ છે કે ૨૦ મહત્વના દસ્તાવેજો સીટના અહેવાલમાથી લાપતા થયેલા છે. સીટનો અહેવાલ હાલમાં જ સુપરત કરવામા આવ્યા બાદથી આ ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામા આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નીમવામા આવેલી સીટે સાતમી મેંના દિવસે ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડના મામલે અહેવાલ સોંપ્યો હતો. આ હત્યાકાંડમાં ૨૦૦૨માં અહેસાન જાફરી સહિત ૬૭ લોકોના મોત થયા હતા. જાકિયાએ અગાઉ આક્ષેપ કર્યો હતો કે ૨૦૦૨ની રમખાણમા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય ૫૭ લોકોએ ફોજદારી કાવતારમા ભૂમિકા ભજવી હતી. અમદાવાદના મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં સીટે જાકિયાને અહેવાલ સોંપ્યો હતો જેમા ૨૫ સીડી અને ૮૯ પેજમા ઈન્ડેક્ષ અને ૫૪૧ પાના હતા.

### સીટ ખાલી રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ડિપ્લોમાં ફાર્મસીમાં પણ ૫૬૦માંથી ૬૦ બેઠકો ઘટી છે. જ્યારે બીજીબાજુ, એઆઈઈઈઈની ૧૮૦૬માંથી બેઠકોમાં ૯૦૩ બેઠકો ગુજરાત બોર્ડ વિદ્યાર્થીઓથી ભરાશે. એઆઈઈઈઈથી બેઠકો ભરાતી સંસ્થાઓમાં હાલ પીડીપીમાં ૫૪૦ બેઠકો, નિરમા ૬૦૦ બેઠકો, એસબેએનઆઈટી ૪૨૬ બેઠકો અને બીએસઆઈઆઈસીટીમાં ૨૪૦ બેઠકો છે. જ્યારે ટ્યૂશન ફી વિવેર્સની ૨૫૦૦ બેઠકો છે. આમ ચાલુ વર્ષે અંદાજે ૫૮૫૦૦ બેઠકો સામે ૪૮૯૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક છે. આમા કેટલાક એઆઈઈઈઈથી પ્રવેશ લેશે કેટલાક અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ લેશે તો અંદાજે એન્જિ. ફાર્મસીમાં અંદાજે ૧૫૦૦૦ બેઠકો ખાલી રહેવાની શક્યતા છે. જ્યારે મેડીકલમાં ગત વર્ષે ૭૬ ટકા પ્રવેશ અટક્યો હતો એટલે કે ચાલુવર્ષે મેડીકલ અને ડેન્ટલમાં પણ બે ટકા મેરીટ નીચું જવાની શક્યતા છે.